૭૦૨/૧,૩૯૦ **બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)**

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૨**

નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

વિભાગ - ૧ : 'બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શ્રીજીમહારાજની સેવાની તત્પરતા

(૧) ☐ વચ. ગ. પ્ર. ૧૦ (૨) ☐ વચ. ગ. પ્ર. ૭

(૩) ☐ વચ. ગ. મ. ૬૩ (૪) ☐ વચ. ગ. મ. ૫૨

૨. શ્રીજીમહારાજે કરેલી મૌલિક વ્યાખ્યા

(૧) ☐ પ્રીતિ : જેમ ભગવાનનું ગમતું હોય તેમ રહે તે પ્રીતિનું લક્ષણ છે.

(૨) ☐ માયા : દેહને વિશે અહંબુદ્ધિ ને દેહસંબંધી પદાર્થને વિશે મમત્વબુદ્ધિ એ જ માયા છે.

(૩) ☐ મોહ : પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે.

(૪) ☐ ત્યાગી : ત્યાગી તો તે ખરો જે, જેણે સંસાર મૂક્યો ને પાછી સંસારની વાસના રહે જ નહિ.

૩. 'સ્વામીની વાતો'માં શ્રીજીમહારાજના હૃદ્‌ગત સિદ્ધાંતની સ્પષ્ટતા

(૧) ☐ બ્રહ્મરૂપ માનીને ભક્તિ કરવી. (૨) ☐ નિર્વાસનિક થાવું ને ભગવાનમાં જોડાવું.

(૩) ☐ આજ્ઞા, ઉપાસના ને મૂર્તિમાં જોડાવું. (૪) ☐ 'ધર્મનિષ્ઠાથી જ કલ્યાણ થાય છે.'

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. મોટાનો સંગ કરે તો ધ્યાન-ભજનને ઘસારો આવે ને ધ્યાન-ભજન કરે તો સંગમાં ઘસારો આવે, તેમાં શું કરવું ?

૨. કોણ વાડામાં રહે ને કોણ માયાના બંધનમાં રહે નહિ ?

૩. વાતોનું સામર્થ્ય જણાવતાં સ્વામીએ પ્રકરણ ૧/૨૩૧માં શું કહ્યું છે ?

૪. મુંડકોપનિષદમાં શૌનક ઋષિ અંગિરા ઋષિને શું પૂછે છે ? તેના ઉત્તરમાં શું કહેવામાં આવ્યું ?

૫. વંશીપુરનાં રાજા-રાણીની વિનંતીને ઠુકરાવતાં નીલકંઠવર્ણી શું કહે છે ?

**પ્રશ્ન. ૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]

**ઉદાહરણ** :- મ. ૩૫ - 'આ મારી સર્વે ઇન્દ્રિયોની ક્રિયાને વિશે મને આત્માનું ક્ષણમાત્ર પણ વિસ્મરણ થતું નથી.'

**ઉત્તર** :- શ્રીજીમહારાજનું દિવ્ય વ્યક્તિત્વ - વિચારશીલતા

૧. સો વરસ ભગવાન ભેળા રહીએ તોપણ સાધુ પાસે રહ્યા વિના સમજણ ન આવે.

૨. આજ્ઞા લોપે તેના હૈયામાં સુખ ન રહે.

૩. भिद्यते हृदयग्रंथिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥

૪. કોટિ કલ્પે ભગવાન ભજ્યા વિના સુખ નહિ થાય.

૫. મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે.

**પ્રશ્ન. ૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો.** [૪]

**ઉદાહરણ** :- વચનામૃતની પ્રમાણભૂતતાના અન્ય પુરાવાઓ

**ઉત્તર** :- ૧. અદ્વિતીય શ્રોતાગણ ૨. પ્રમાણિક સંપાદકવૃંદ ૩. ઐતિહાસિક પ્રમાણભૂતતા

૧. વચનામૃતની વિલક્ષણ વિશેષતાઓ ૨. 'સ્વામીની વાતો'માં સાધનાનું સ્પષ્ટ શબ્દચિત્ર

**પ્રશ્ન. ૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** [૧૦]

૧. શ્રીજીમહારાજની કથાશ્રવણની આસક્તિ **અથવા**

૨. વચનામૃત ગ્રંથનું સ્વરૂપ

૩. 'વાતો'નો સાક્ષાત્ અનુભવ કરનારાઓના ઉદ્‌ગારો **અથવા**

૪. ગુણાતીતાનંદ સ્વામી : સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૧-૨"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

તારીખ મહિનો વર્ષ

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- ☐☐ ☐☐ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં)** [૧૦]

૧. શ્રીજીમહારાજ : સર્વાવતારના અવતારી સર્વોપરી ભગવાન

૨. ગુણાતીતાનંદ સ્વામી : માન - અપમાનમાં એકતા

**વિભાગ - ૨ : 'શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવનચરિત્ર ભાગ - ૧ના આધારે**

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. વિજ્ઞાનાનંદજીના યોગમાં ડુંગર ભક્ત.

૨. શાસ્ત્રીજી મહારાજ એટલે અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના નીડર પ્રચારક.

૩. વરતાલ નિવાસ દરમ્યાન શાસ્ત્રીજી મહારાજનું પ્રભાવશાળી વ્યક્તિત્વ.

**પ્રશ્ન. ૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. અક્ષર મંદિરની સંપાદિત કરેલ જમીનનો ઇતિહાસ.

૨. સ્પષ્ટવક્તા ડુંગર ભક્ત.

૩. ડુંગર ભક્તની બુદ્ધિ ચાતુર્યતા.

**પ્રશ્ન. ૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. મારો વૈરાગ્ય પાર પડે.
૨. ભીખાભાઈના કપાળમાં ત્રિપુંડ્રને બદલે ઊર્ધ્વપુંડ્ર.
૩. ઐશ્વર્ય પ્રતાપ દેખાય તે શ્રીજીનું કર્તવ્ય.
૪. આંબો ફૂલાભાઈને ઘેર જાય છે.
૫. કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો.

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. કેશવપ્રસાદ પુરાણી
૨. અંબારામ ભગત (કડીના - પછી ભાદરણ જઈને રહ્યા)

**વિભાગ - ૩ : 'સ્વામીની વાતો'ના આધારે**

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. નિષ્કપટપણે વર્તે તો શું થાય ?
૨. મુક્તાનંદ સ્વામીમાં આવેલી મોટપનું શું કારણ છે ?
૩. કોના વિના ક્યાંઈ સુખ કે શાંતિ નથી ?
૪. મહારાજે શેને અર્થે અનંત પ્રકારની વાતુ પ્રવર્તાવી છે ?

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં)** [૬]

૧. ભગવાનના સ્વરૂપને નિરાકાર કહેનાર ને સત્શાસ્ત્રના અવળા અર્થ કરનાર કેવાં દુઃખ ભોગવશે ?

૨. પૃથ્વીથી અનુક્રમીને કેટલું પર અક્ષરધામ છે ?

૩. સ્વરૂપાનંદ સ્વામી કઈ રીતે આજ્ઞા પાળતા ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં)** [૬]

૧. 'ત્રણ પ્રકારના પંખી'ના દૃષ્ટાંત અને સિદ્ધાંત જણાવો.

૨. આ સાધુની ઓળખાણ થઈ છે તેના બેય પગલાં અક્ષરધામમાં છે.

૩. શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ પડી છે.

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો.**
**(આઠ થી દસ લીટીમાં)** [૪]

૧. ભગતજીને ગુણાતીતાનંદ સ્વામી સાહીઠ હજાર રૂપિયાનું વરદાન આપવા લાગ્યા ત્યારે ના પાડી.

૨. ફૂટપાથ પર પડ્યો રહેતો હોય તે ફ્રિજ ક્યાં મૂકે ?

૩. 'બહુ પ્રકારે કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે, પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે એની વાતમાં રે.'

૪. બાળકે 'ભગવાન જુએ છે' એવા વિચારથી એકાંતમાં પણ સફરજન ન ખાધું.

* * *

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**